આંક–૯

૯માં એડી.ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટ, મુ.રાજકોટ.

ફોજદારી કેસ નં. ૧૪૦૩/૧૧

શ્રી સરકાર ....... ફરીયાદી

વિરુધ્ધ
હાજીભાઈ સલેમાનભાઈ શેખ,
રહે.આણંદપર, તા.કાલાવડ ........ આરોપી

ગુન્હો : ઈ.પી.કો. કલમ ૨૭૯ ,૩૩૭ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબ.

(૧) આ કામમાં ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ તા. ૧૩–૧–૧૧ નાંરોજ ક.૨૦–૦૦ના સુમારે રાજકોટ મુકામે તેઓના કબ્જાનું વાહન નં. કાર જીજે–ડબલ્યુ ૩ડીએ–૬૫૩ વાળુ પુરઝડપે,ગફલતભરીરીતે માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી આ કામના ફરીયાદી સાહેદ સાથે અથડાવીને તેઓને સાદી તથા મહાવ્યથા નીપજાવી ઈ.પી.કોડ. કલમ.૨૭૯. તથા એમ.વી.એ. ૧૭૭.૧૮૪ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ. જે ગુન્હાની ફરીયાદપક્ષના પો.સ્ટે. માં ફરીયાદીએ નોંધાવતા, પોલીસે જરૂરી તપાસ કરી આ કામનાં આરોપી સામેનાં ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી કરવા સારૂ રજુ રાખેલ.

(૨) આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં આરોપીની પ્લી રેકર્ડ કરતા, આરોપીએ ગુન્હાની કબુલાત કરેલ છે અને આરોપીએ ગુન્હાની કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓ કુટુંબ કબીલાવાળા માણસ છે, ફરીયાદપક્ષના આવો ગુન્હો નહી કરે, આ તેઓનો પ્રથમ ગુન્હો છે તેથી દયા રાખવા અરજ કરેલ છે.

(૩) આરોપીને ગુન્હાની શિક્ષાની સમજ આપવામાં આવેલ છે. તેમ છતાં ગુન્હો કબુલ મંજુર રાખેલ હોય, આરોપીને સ્વૈચ્છિક કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. આરોપીની કબુલાત પુરસીસની હકીકતો તથા અત્રેની અદાલત સમક્ષની રજુઆતો ધ્યાને લેતાં આરોપીને સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોય, જેથી આ કામમાં ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**:: હુ ક મ ::**

આ કામના આરોપી(ઓ)ને ક્રિ.પ્રો. કોડની કલમઃ ૨૫૨ અન્વયે આઈ.પી.સી.કલમ ૨૭૯ તથા એમ.વી.એ.ક..૧૭૭.૧૮૪મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હા બદલ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા. ૧૦૦૦/– ( એક રુપીયાએક હજાર પુરા ) દંડ ભરવાનો હુકમ કરૂ છું. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિવસ – ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

રાજકોટ. (એચ.એસ.પટેલ)
તા.૧૦.૨.૧૮ ૯ મા એડી.ચીફ જયુડી.મેજી.
રાજકોટ.